વડીલોને વંદન અભિનંદન

રેવાભાઈ મગનભાઈ પરમાર
(૧૯૩૫)ફોન: ૨૩૨૩૭૯૩૫


દિનેશભાઈ ડી. સંખારીયા
(૧૯૫૭)ફોન: ૨૩૨૪૬૬૩૩

મણીલાલ મોરારદાસ પટેલ
(૧૯૩૬)ફોન: ૨૩૨૨૯૨૦૯

દુષ્યંત સુરેશચંદ્ર દિવાન
(૧૯૩૬)ફોન: ૨૩૨૨૮૪૫૭

શ્રાઈન બોર્ડની વેબસાઈટમાં ગુજરાતનું નામ જ નથી! લાખો યાત્રાળુમાં નિરાશા

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત-સૌરાષ્ટ્રભરમાંથી દર વર્ષે બાબા અમરનાથના દર્શન કરવા માટે અસંખ્ય ભાવિકો અમરનાથ યાત્રાએ જાય છે ત્યારે આ વર્ષે શ્રાઈન બોર્ડની વેબસાઈટમાંથી ગુજરાતનું નામ જ ગાયબ થઈ જતા યાત્રાળુઓમાં નિરાશા વ્યાપી જવા પામી છે. તેવી જ રીતે યાત્રા માટે જરુરી મહત્વનું ગણાતા મેડીકલ ફિટનેશ સર્ટીફીકેટ મેળવવા માટે પણ જરુરી માહિતી ઉપલબ્ધ ન હોવાથી અનેક યાત્રાળુઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હોવાનો સુર ઉઠયો છે.

યાત્રાળુઓમાં થતી ચર્ચા મુજબ અમરનાથ યાત્રા તા. ૨૮ જુનથી ચાલુ થતી હોવાથી શ્રાઈન બોર્ડના નિયમ અનુસાર યાત્રા માટે ઘણી બધી માહિતી અપાઈ છે. પરંતુ યાત્રા માટે મહત્વના ગણાતા મેડીકલ ફિટનેશ સર્ટીફીકેટ માટે હજુ સુધી વેબસાઈટ પર જરુરી માહિતી ઉપલબ્ધ ન હોવાના કારણે ગુજરાત અને સૌરાષ્ટ્રના અસંખ્ય યાત્રિકોને પારવાર મુશ્કેલીનો સામવો કરવો પડે છે. રજીસ્ટ્રેશન તા. ૧લી માર્ચથી શ્રાઈન બોર્ડમાં જણાવેલી બેંકોમાં કરાવવાનું હોય છે. પરંતુ માહિતીના અભાવે કઈ જગ્યાએથી મેડીકલ સર્ટીફીકેટ મેળવવું? કયા ડોકટરને મળવું? કઈ કઈ તપાસ કરવી? કયા કયા કાગળો જોઈએ? કેટલા ફોટા જોઈએ? મેડીકલ સર્ટી વિના રજીસ્ટ્રેશન કેમ કરાવવું? તે પણ યાત્રિકો માટે મોટો સવાલ છે. યાત્રા માટે હેલ્થ સર્ટી.ની જરૂર છે તેવું લખાણ સાઈટ પર મુકાયું છે પરંતુ સર્ટીફીકેટ મેળવવું ક્યાંથી? તે અંગેની કોઈ પણ પ્રકારની માહિતી ઉપલબ્ધ ન કરાવાઈ હોવાનું સંભળાઈ રહ્યું છે.

શ્રાઈન બોર્ડની વેબસાઈટમાં ભારતભરના છત્તીસગઢ, દમણ દિવ, હરીયાણા, જમ્મુ-કાશ્મીર, કેરાલા, મધ્યપ્રદેશ, મણિપુરમ, મીઝોરમ, પોંડીચેરી, તામિલનાડુ, ત્રિપુરા, ઉત્તરપ્રદેશ અને વેસ્ટ બેંગોલના જ નામો મુકાયા છે. પરંતુ ગુજરાતનું જ નામ બાકાત રાખવામાં આવ્યું છે.

સંબંધીત તંત્રના અસહકારભર્યા વલણથી દર વર્ષે સૌરાષ્ટ્ર ગુજરાતમાંથી અનેક અભણ ભાવિકોને યાત્રાથી વંચિત રહેવું પડતું હોય ખાસ કરીને રજીસ્ટ્રેશન પ્રક્રિયા સરળ બનાવી યાત્રિકોને જરુરી માહિતી સરળતાથી મળી રહે તેવી યોગ્ય વ્યવસ્થા કરવી પણ જરુરી છે.

જો યાત્રાળુઓ માટે અલગથી જ કાઉન્ટર વ્યવસ્થા રખાય તો બધાને લાભ થાય અને રજીસ્ટ્રેશન પણ સરળતાથી થઈ શકે. આ મામલે તંત્ર દ્વારા સત્વરે યોગ્ય વ્યવસ્થા થાય તેવું ગુજરાત સૌરાષ્ટ્રભરના અમરનાથ યાત્રિકો ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં વોર્ડ નં. ૪ ખાતે આજે સફાઈ કામદારો દ્વારા હાથ ધરાયેલ સફાઈ અભિયાન માટે સફાઈ કામદારોને શુભકામના સાથે વિદાય આપવામાં આવી હતી તે પ્રસંગે વોર્ડ નં. ૪ના કોર્પોરેટરો શ્રી પ્રવિણ પટેલ, અશ્વિન વ્યાસ, ભાવનાબા વાઘેલા ઉપરાંત વસાહત મહામંડળના અરુણ બુચ તેમજ ગુડાના ચેરમેન અશોક ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા.

લોકસભા ચૂંટણી : કોંગીની ચોથી માર્ચથી પદયાત્રા શરૂ

અમદાવાદ, તા.૨૭

રાજ્યની ૨૬ લોકસભા બેઠકમાં યોજાનાર પદયાત્રીની તૈયારીના ભાગરૂપે આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે નીરીક્ષકોને માર્ગદર્શન આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે આગામી દિવસોમાં યોજાનાર ૨-૧૪ લોકસભાની ચૂંટણીઓને લક્ષમાં લઈને અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએદરેક લોકસભા બેઠકમાં સાત દિવસની કોંગ્રેસ પદયાત્રાનું આયોજન કરવાનો નિર્ણય કરેલ છે. જેના ભાગરૂપે રાજ્યના તમામ સંસદીય મતદાર વિભાગોમાં લોકસભાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થાય તે પહેલા તા. ૪થી માર્ચથી સાત દિવસ માટે પદયાત્રાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો ઉપર દરેક લોકસભા ક્ષેત્રમાં તા. ૪-૩-૧૪ થી ૧૧-૩-૧૪ સુધી સાત દિવસની પદયાત્રા યોજાશે. લોકસભા ક્ષેત્રદીઠ યોજાનાર પદયાત્રાના અંતિમ દિવસે એટલે કે તા. ૧૧મી માર્ચના રોજ મધ્યગુજરાતમાં ખેડા સંસદિય ક્ષેત્રના બાલાસિનોર ખાતે કોંગ્રસપક્ષના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સભાને સંબોધન કરશે. લોકસભા ક્ષેત્રના એક તાલુકામાં ઓચામાં ઓછા સાત દિવસ પદયાત્રા ચાલશે.

પદયાત્રા અંગે રૂટ નક્કી કરી દરરોજ ૧૦-૧૫ કિમીનું અંતર પદયાત્રીઓ કાપશે. નક્કી થયેલ જગ્યાઓ ઉપર ગ્રામસભાઓનું પણ આયોજન કરવામાં આવશે. કોંગ્રેસ પક્ષના કાર્યકરો ઉપરાંત જે તે વિસ્તારમાં પ્રભાવ ધરાવતા સમાજના અગ્રણીઓ પણ પદયાત્રામાં જોડાશે. ૨૬-લોકસભા વિસ્તારમાં યોજાનાર પદયાત્રામાં પંચા વિવિધ વિસ્તારો નક્કી થશે જ્યાં કેન્દ્રના વરિષ્ઠ આગેવાનો પદયાત્રામાં જોડાશે અને વિશાળ જનસભા પણ યોજાશે.

બનાસકાંઠા જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા બનાસ યાત્રા યોજાશે

પાલનપુર, તા. ૨૭

આગામી લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કર્યા છે. ત્યારે 'આપણા નરેન્દ્રભાઈને વડાપ્રધાન બનાવીએ' એવો શુભ સંદેશ સમગ્ર જિલ્લામાં વ્યાપક બને તે માટે બનાસકાંઠા જિલ્લા ભા.જ.પ. દ્વારા બનાસયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

તારીખ ૧ માર્ચ ૨૦૧૪ થી સુઈગામ તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ પુજ્ય ખાખીજી મહારાજની તપોભૂમિ એવા કટાવધામથી પ્રદેશ ભા.જ.પા.ના મહામંત્રી અને ઉત્તર ઝોન પ્રભારી શ્રી શંકરભાઈ ચૌધરી યાત્રાનો શુભારંભ કરાવશે અને તારીખ ૧૧ માર્ચ ૨૦૧૪ના રોજ દાંતીવાડા તાલુકાના મોટી મહુડી ગામે શ્રી સિદ્ધનાથ મહાદેવની પાવનનીશ્રામાં યાત્રાનું સમાપન થશે. ૧૦૮૩ કી.મી. નું પરીભ્રમણ કરનારી આ યાત્રા જિલ્લાના ૯ વિધાનસભા ક્ષેત્રોમાં, જિલ્લાપંચાયતની ૫૫ સીટો તેમજ ૬ શહેરો ને આવરી લેશે. યાત્રા દરમ્યાન વિવિધ ૬૧ જગ્યાએ જાહેર સભાઓ યોજાશે જેમાં જિલ્લાના અને પ્રદેશના વિવિધ અગ્રણીઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

યાત્રાના ઈન્ચાર્જ તરીકે જિલ્લા ઉદ્યોગસેલના કન્વીનર શ્રી કનુભાઈ વ્યાસ અને સહ ઈન્ચાર્જ તરીકે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી બાબરભાઈ પટેલ અને પ્રદેશ યુવા મોરચાના કારોબારી સભ્ય શ્રી દશરથસિંહ સોલંકી જવાબદારી સંભાળશે.

આજે પાલનપુર ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં બનાસ યાત્રા અંગેની વિગતો આપતાં જિલ્લા પ્રમુખશ્રી કેશાજી ચૌહાણે જણાવ્યુ હતું કે આપણા રાજ્યનું ગૌરવ એવા શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે ત્યારે આપણા ઉત્તર ગુજરાત માટે સૌથી વધુ ગૌરવશાળી પ્રસંગ આવેલ છે જેને વધાવવા સમગ્ર જિલ્લામાં ઉત્સુકતા વ્યાપી છે. આ યાત્રામાં સભાઓના સ્થળે 'નમો ટી સ્ટોલ' અને જિલ્લા મહિલા મોરચા દ્વારા બહેનોના હાથમાં 'કમળ મહેંદી' મુકવાનું આયોજન કરવામાં આવેલ છે જ્યારે જિલ્લા યુવા મોરચા દ્વારા ગામે ગામ 'બાઈક રેલી' દ્વારા યાત્રાનું સ્વાગત કરવામાં આવશે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ભાજપ ઉમેદવારો નક્કી કરવા નિરીક્ષકોના નામ જાહેર કરાયા

અમદાવાદ, તા. ૨૭

લોકસભાની ચૂંટણીની જાહેરાતનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે ત્યારે ભાજપે ગુજરાતની તમામ બેઠકો માટેના ઉમેદવારોની પસંદગી માટેના નિરીક્ષકો આગામી તા. ૩, ૪, ૫ અને ૬ના રોજ સંબંધિત જિલ્લાઓમાં જશે અને આગેવાનોને મળીને સેન્સ લઈ ઉમેદવારોની પસંદગીની કાર્યવાહી હાથ ધરશે. ગઈ રાત્રે મળેલી ભાજપના આગેવાનોની બેઠકમાં આ નામો નક્કી કરવામાં આવ્યા હતા. ગુજરાત ભાજપના મહામંત્રી વિજભાઈ રૂપાણીને અમદાવાદ પૂર્વ અને પશ્ચિમના ઉમેદવાર નક્કી કરવાની જવાબદારી સોંપાઈ છે જેમની સાથે માજીમંત્રી જયસિંહ ચૌહાણ અને જયાબેન ઠક્કર રહેશે જ્યારે સૌરાષ્ટ્રની રાજકોટની બેઠક માટેના નિરીક્ષક તરીકે ભરતભાઈ પંડ્યા, બાબુભાઈ બોખીરીયા અને વર્ષાબેન દોશીની નિમણુંક કરાઈ છે. જ્યારે જામનગરની બેઠક માટે મનસુખ માંડવીયા, કિરીટસિંહ રાણા રહેશે. અમરેલીની બેઠક માટે રમેશ પાપરા, આઈકે જાડેજા અને વસુબેન ત્રિવેદીની નિમણકું કરાઈ છે જ્યારે જૂનાગઢનો હવાલો નિરીક્ષક તરીકે જયંતિભાઈ કવાડિયા, ધનસુખ ભંડેરી અને વિભાવરીબેન દવેને સોંપવામાં આવ્યો છે. ભાવનગર લોકસભાના ઉમેદવાર નક્કી કરવા માટે દિલીપભાઈ સંઘાણી, ભાનુબેન બાબરીયા અને મોહનભાઈ કુડારીયા નિરીક્ષકો તરીકે નિમાયા છે. જ્યારે સુરેન્દ્રનગરમાં ઉમેદવારીની પસંદગીની જવાબદારી ગોવિંદભાઈ પટેલ, બાબુભાઈ જોબલીયા, નિલાબેન કાંબલીયાને સોંપાઈ છે. પોરબંદર માટે વાસણભાઈ આહિર, ચીમનભાઈ સાપરીયા અને સંધ્યાબેન વ્યાસને નિરીક્ષકો નિમણુંક આપવામાં આવી છે.

સુરત માટે શંકરભાઈ ચૌધરી અને મંગુભાઈ પટેલ, વડોદરા માટે ભરતસિંહ પરમાર, સાબરકાંઠા માટે ભુપેન્દ્રસિંહ ચુડાસમા, મહેસાણા માટે રમણ વોરા, બનાસકાંઠા માટે કૌશિક પટેલ અને દાહોદ માટે જયંતિભાઈ બારોટને નિરીક્ષક તરીકે નિમવામાં આવ્યા છે. આ તમામ જિલ્લાઓમાં આગામી ત્રણ માર્ચથી લઈને છઠ્ઠી સુધીમાં જે તે સંબંધીત બેઠક ઉપર જઈ આગેવાનોને મળીને સેન્સની પ્રક્રિયા કરવા જણાવાયું છે અને ત્યારબાદ તમામ બેઠકોના ઉમેદવાર નક્કી થશે.

બનાસકાંઠા જિલ્લા બ્રહ્મ સમાજની વિવિધ નિમણુંકો જાહેર કરાઈ

બનાસકાંઠા જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ શ્રી ગણપતભાઈ જોશીએ આજરોજ ડીસા ખાતે યોજાયેલ બ્રહ્મ સંમેલનમાં સંગઠનના વિવિધ હોદ્દેદારોની વરણી અંગેની જાહેરાત કરી હતી. આજે ડીસા ખાતે શિવરાત્રી પર્વની ઉજવણીને ધ્યાને રાખી એક બ્રહ્મસંમેલન યોજવામાં આવ્યું હતું જેમાં જિલ્લાના બ્રાહ્મણો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

જિલ્લા યુવા પાંખના પ્રમુખ તરીકે દાંતીવાડાના અશોકભાઈ ભોજાણીની તેમજ મંત્રીશ્રી ડીસાના દશરથભાઈ રાજગોરની નિમણુંક કરી હતી. મહિલા પાંખના પ્રમુખ તરીકે શ્રીમતિ હેતલબેન રાવલની નિમણુંક કરી હતી.

ડીસા શહેર સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ તરીકે શ્રી કનુભાઈ જોશી અને દાંતીવાડા તાલુકા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ તરીકે દાંતાવાડા કોલોનીના શ્રી કનુભાઈ જોશીના નામની જાહેરાત કરી હતી.

રુદ્રભૂમિનું લોકાર્પણ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંતિમધામનું લોકાર્પણ કર્યુ હતુ. સાડા ત્રણ કરોડના ખર્ચે નિર્માણ કરાયેલા રુદ્રભૂમિ સ્મશાનમાં સી.એન.જી. ગેસ આધારિત ભઠ્ઠી, સ્ટોર, કેરટેકર રૂમ-ઓફિસ રૂમ તથા ટોઈલેટ બ્લોકની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. જ્યારે સ્મશાનગૃહમાં ૨૫૦ વ્યક્તિ બેસી શકે તેવી બેઠક વ્યવસ્થા ઉપરાંત બગીચો પણ વિકસાવવામાં આવ્યો છે. નવ વિકસિત વિસ્તારને ધ્યાને લઈ અંતિમધામનું નિર્માણ થતા સ્થાનિક રહીશોની લાંબા સમયની લાગણી અને માંગણી સંતોષાઈ છે.

સજ્જ થવું તંત્ર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પક્ષોને આદર્શ આચાર સંહિતના અમલ અંગે કડક તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત ફ્લાઈંગ સ્કવોડ, ચેક પોસ્ટ જેવી વ્યવસ્થા પણ તંત્ર દ્વારા કરવામાં આવનાર છે તે અંગેની જાણકારી રાજકીય પક્ષોને આપી ખર્ચ નિયંત્રણ અંગેની પંચની કટિબદ્ધતા વિશે પણ જણાવી દેવામાં આવ્યું છે. ત્રણ વખત હિસાબો રજુ કરવાના રહેશે. પંચે પહેલીવાર તપાસેલા હિસાબો વેબસાઈટ પર રજુ કરવાનો અભિગમ અપનાવ્યો હોવાની જાણકારી પણ પક્ષોના આગેવાનોને આપી દેવામાં આવી છે.

બેંકિંગ સેવાથી વંચિત

● અનુસંધાન પહેલાનું ચાલુ

લાભ મળી શકે એટલુ જ નહિ હવે કેન્દ્રની ઘણી બધી યોજનાઓમાં સહાય સીધી તેમના ખાતામાં જમા થવાની છે ત્યારે આ પ્રકારનું ઉદાસીન વલણ સારી નિશાની નહિ હોવાનું જણાવ્યું હતું.

બેંકો દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪ના સર્વિસ એરિયા ક્રેડિટ પ્લાન હેઠળ પ્રાથમિકતા ક્ષેત્રમાં રૂ. ૧૧૩૦.૮૯ ના ધિરાણની ચુકવણી જે વાર્ષિક પ્લાન સામે ૬૭ ટકા જેટલું છે. હાલમાં લીડ બેંક સ્કીમ અંતર્ગત, ડિસેમ્બર-૧૩ અંતીત ત્રિમાસિક સમીક્ષા બેઠક કલેક્ટરશ્રીના અધ્યક્ષતામાં લીડ બેંક-દેના બેંક દ્વારા આયોજીત કરવામાં આવેલ જેમાં વર્ષ ૧૩-૧૪ના નવ માસ દરમ્યાન પ્રાથમિકતા ક્ષેત્ર તથા સરકારશ્રીની વિવિધ સ્વરોજગાર યોજનાની સમીક્ષા કરવામાં આવેલ, તે ઉપરાંત વિત્તિય સમાવેશન અંતર્ગત બેંકો દ્વારા કરેલ કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવેલ. અધ્યક્ષ તથા કલેક્ટર દ્વારા બેંકોમાં પડેલ લોન અરજીઓનો હકારાત્મક નિકાલ કરવા તથા સામાન્ય માણસને બેંકો દ્વારા મદદ કરવા તેમજ વિત્તિય સમાવેશન અંતર્ગત બીસી મોડલ કરતા શાખા ખોલવા માટે બેંકોને જરૂરી સૂચના આપવામાં આવી.

બેંકોના વિવિધ પેરમીટરોની ચર્ચામાં જીલ્લામાં ૩૪ બેંકોની ૨૬૩ જેટલી શાખાઓ કાર્યરત છે જેમાં ડિસેમ્બર-૧૪ અંતીત રૂ. ૧૯૧૬૮ કરોડ ડિપોઝીટ પેટે તથા રૂ. ૯૯૫૧ કરોડ ધિરાણ આપેલ છે જેનો સી.ડી. રેશીઓ ૫૨ ટકા જેટલો થાય છે. પ્રાથમિક ક્ષેત્રનું કુલ ધિરાણ રૂ. ૩૪૦૪ કરોડ છે, જે કુલ ધિરાણના ૩૪ ટકા જેટલું છે, જેમાં ખેતીવાડી ક્ષેત્રે રૂ. ૧૨૫૨ કરોડ, ઉદ્યોગ ક્ષેત્રે રૂ. ૯૪૫ કરોડ તથા અન્ય પ્રાથમિકતા ક્ષેત્રે રૂ. ૧૨૦૭ કરોડ ધિરાણ કરેલ છે. વીકર સેકશન અંતર્ગત રૂ. ૪૬૩ કરોડનું ધિરાણ કરેલ છે.

ડિસેમ્બર-૧૩ અંતીત ત્રિમાસીક ગાળામાં ૫ ટકા જેટલો સી.ડી. રેશીઓમાં વધારો થયેલ છે. કિસાન ક્રેડિટ કાર્ડ યોજના હેઠળ કુલ ૧૦૪૦૦૦ ખેડૂત ખાતેદારો સામે બેંકો દ્વારા ૮૬૭૨૦ ખાતેદારોને રૂ. ૮૩૧ કરોડ જેટલું ધિરાણ આપેલ છે. વિત્તીય સમાવેશન અંતર્ગત ૨૦૦૦ થી ઓછી વસ્તી ધરાવતા ૧૨૦ ગામોમાંથી ૫૩ ગામો બેંક શાખા બીસી દ્વારા કવર કરવામાં આવ્યા છે. બાકીના ગામો માર્ચ-૧૫ સુધીમાં કરવાનું આયોજન છે. સખી મંડળ યોજના હેઠળ ૩૭૦૨ જૂથોને રૂ. ૨૯.૩૪ કરોડનું ધિરાણ બેંકો દ્વારા મંજૂર કરવામાં આવેલ છે.

બેઠકમાં કલેક્ટરશ્રી પી. સ્વરૂપ ઉપરાંત જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિક્ટર મેકવાન, ડાયરેક્ટર-જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સુશ્રી જયશ્રીબેન, દેના બેંકના આસી. જનરલ મેનેજર શ્રી મુલતાની, રિઝર્વ બેંકના એલડીઓ શ્રી ગુર નાની, નાબાર્ડ-ડીડીએમ શ્રી વિનોદ વિદ્યાર્થી, વિવિધ બેંકોના અધિકારીશ્રીઓ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર નિગમોના પ્રતિનિધિઓ તથા એનજીઓના પ્રતિનિધિ તથા લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજરશ્રી ઉપસ્થિત રહેલ.

કર્મચારીઓ ફરજ બજાવશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્કવોર્ડમાં અને જિલ્લાની સ્થાનિક સ્કવોર્ડમાં પણ મોટી સંખ્યામાં કર્મચારીઓને ફરજ સોંપવામાં આવશે. અંદાજે તમામ મળીને રાજયમાં ૬૦૦ જેટલી સ્કવોડ વિદ્યાર્થીઓ પર બાજ નજર રાખશે. એક સ્કવોડમાં ઓછામાં ઓછા ત્રણથી લઈને પાંચ જેટલા વ્યકિતઓ કોઈ એકથી દોઢ હજારનો સ્ટાફ તો સ્કવોડમાં જ ફરજ બજાવશે. આ ઉપરાંત સુરક્ષાને ધ્યાને લઈ પરીક્ષા કેન્દ્રો પર પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવનાર છે. આ ઉપરાંત પરીક્ષા કેન્દ્રો પર પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવનાર છે. આ ઉપરાંત પરીક્ષા કેન્દ્રો પર પટ્ટાવાળા તથા અન્ય સ્ટાફ મળી સમગ્ર રાજયમાં ૩૦ હજારનો સ્ટાફ પરીક્ષાની કામગીરીમાં ખડે પગે રહેશે.

ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા દરમિયાન જે કર્મચારીના બાળકો પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર હોય તેવા કર્મચારીઓનું અલગ લીસ્ટ તૈયાર કરી તેમને પરીક્ષાની કામગીરીથી દુર રાખવામાં આવશે. ઉત્તરવહીના મુલ્યાંકનની કામગીરીમાંથી પણ તેઓની બાદબાકી કરી દેવાશે.

રાહુલ ગાંધી ગુજરાત આવે છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિભાગોમાં લોકસભાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થાય તે પહેલા તા. ૪થી માર્ચથી સાત દિવસ માટે પદયાત્રાનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો ઉપર દરેક લોકસભા ક્ષેત્રમાં તા. ૪-૩-૨૦૧૪ થી તા. ૧૧-૩-૨૦૧૪ સુધી સાત દિવસની પદયાત્રા યોજાશે. લોકસભા ક્ષેત્ર દીઠ યોજાનાર પદયાત્રાના અંતિમ દિવસે એટલે કે તા. ૧૧મી માર્ચના રોજ મધ્ય ગુજરાતમાં ખેડા સંસદિય ક્ષેત્રના બાલાસિનોર ખાતે કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષશ્રી રાહુલ ગાંધી સભાને સંબોધન કરશે. લોકસભા ક્ષેત્રના એક તાલુકામાં ઓછામાં ઓછા સાત દિવસ પદયાત્રા ચાલશે. પદયાત્રા અંગેનો રૂટ નક્કી કરી દરરોજ ૧૦-૧૫ કિમી નું અંતર પદયાત્રીઓ કાપશે. નક્કી થયેલ જગ્યાઓ ઉપર ગ્રામસભાઓનું પણ આયોજન કરવામાં આવશે. કોંગ્રેસ પક્ષના કાર્યકરો ઉપરાંત જે તે વિસ્તારમાં પ્રભાવ ધરાવતા સમાજના અગ્રણીઓ પણ પદયાત્રામાં જોડાશે. ૨૬-લોકસભા વિસ્તારમાં યોજાનાર પદયાત્રામાં પાંચ વિવિધ વિસ્તારો નક્કી થશે જયાં કેન્દ્રના વરિષ્ઠ આગેવાનો પદયાત્રામાં જોડાશે અને વિશાળ જનસભા પણ યોજાશે.

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ
(ગુજરાત સરકારનું સંપૂર્ણ માલિકીનું સાહસ)
જાહેર નિવિદા નં. ૪ સને ૨૦૧૩-૧૪

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ ગાંધીનગરની વડી કચેરી દ્વારા નીચે જણાવેલ કામો માટે સીલબંધ કવરમાં સ્પીડ પોસ્ટ રજી. પોસ્ટ/ ફ્રીપેકરથી ભાવો મંગાવવામાં આવે છે.

અનુ નં.	કામની વિગત	ભાવ પત્રક ફી	ઈસ્યુ કરવાની છેલ્લી તારીખ	સ્વીકાર કરવાની છેલ્લી તારીખ	ભાવપત્રક ખોલવાની તારીખ
૧	સમારોહ/સેમીનાર/કાર્યક્રમો અંગે મંડપ/ફરસખાના/ કેટરીંગ/સાઉન્ડ સીસ્ટમ/વીડીયો ફોટોગ્રાફી/મોમેન્ટો સેમીનાર સ્ટેશનરી/આર્ટીકલ્સ પૂરા પાડવા અંગેના કામોના ભાવો મોકલવા બાબત.	રૂ. ૩૦૦/-	૧૦/૩/૧૪	૨૦/૩/૧૪	૨૪/૩/૧૪

નોંધ : કોરા ભાવપત્રક ફોર્મ આસી. જન. મેને (વહીવટ) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ, ૨જો માળ, બ્લોક-૧૨, સચિવાલય, ગાંધીનગર વહીવટી શાખામાંથી અરજી સાથે ભાવપત્રક કી રોકડેથી ભરપાઈ કર્યા બાદ ઈસ્યુ કરવામાં આવશે. ભાવપત્રક અંગે વધુ વિગત માટે ફોન નં. ૨૩૨૫૨૩૮૭ તથા ૨૩૨૫૨૦૧૯ સંપર્ક કરવાનો રહેશે.

વેબસાઈટ : www.sardarsarovardam.org

આસી. જનરલ મેનેજર (વહીવટ)
સરદારનિલિ., ગાંધીનગર

માહિતી/૨૭૨૬/૧૩-૧૪

ભાવપૂર્વક ઉજવણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓમકારેશ્વર મહાદેવ મંદિરોમાં મહા શિવરાત્રીની રંગારંગ ઉજવણી થઈ હતી. બ્રહ્મભવન પાસે સ્થિત સોમનાથ મહાદેવ ખાતે ભજન સંધ્યા તેમજ મહાપૂજાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બ્રહ્મબંધુઓ સહીત અન્ય નગરજનોએ પણ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. સે. ૨ બાબા હનુમાન મંદિરમાં શિવરાત્રી ઉત્સવ અન્વયે મહામૃત્યુંજય મંત્ર પંચામૃત અભિષેક, દિવાની દિપમાળા તેમજ મહાદેવની મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રજાપિતા ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા સે. ૩માં નવા સેવા કેન્દ્ર ખાતે પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. સે. ૨૧ શિવકથામાં શિવરાત્રીને અનુલક્ષી જ્યોર્તિલીંગ પ્રાગટ્ય, સિવતાંડવ, ઓમ નમઃ શિવાયની અખંડ ધૂન કરવામાં આવી હતી. શહેર નજીકના ધોળેશ્વર મહાદેવ મંદિરમાં પણ દર્શનાર્થીની ભીડ જામી હતી. મંદિરમાં મહાપૂજા સહીતના ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. નરોડા-ચિલોડા માર્ગ પર સ્થિત પંચેશ્વર મહાદેવ ખાતે પણ શિવરાત્રીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વાવોલ સ્થિત સંકલ્પ રોયલ બંગ્લોઝમાં ઓમ શાંતિ કેન્દ્રમાં કેક કાપીને શિવરાત્રીની ઉજવણી કરવામાં આવી હતી. શહેર અને જિલ્લાના શિવમંદિરો ભાવિકોથી છલકાયા હતા. કલ્યાણકારી શિવને પ્રસન્ન કરવા જપ-તપ લઘુરુદ્ર ભજન-ધૂન અને મહાપૂજાના ભક્તિભાવમાં નગરજનો ઓતપ્રોત બન્યા હતા.

રાજયની ૨૬ લોકસભા બેઠકમાં યોજાનાર પદયાત્રાની તૈયારીના ભાગરૂપે રાજીવ ગાંધી ભવન ખાતે નિરીક્ષકોને માર્ગદર્શન આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું હતું કે પદયાત્રામાં વિવિધ પ્રચાર સાહિત્યનું વિતરણ થશે. જેમાં યુપીએ સરકારની વિવિધ સિધ્ધિઓ, સમાજ કલ્યાણ ઉપયોગી કાર્યક્રમોની પત્રિકાઓ, શિક્ષણ, આરોગ્ય, અન્ન સુરક્ષા, રોજગાર, માહિતી સહિત જંગલની જમીનના અધિકારો અંગે લાભાર્થીઓને વિગતોનું વિતરણ કરવામાં આવશે. દરેક જિલ્લા કોંગ્રેસ સમિતિના કાર્યાલયમાં તાત્કાલીક પદયાત્રા માટે કંટ્રોલરૂમ-વ્યવસ્થા તંત્ર શરુ કરાશે. દરેક જિલ્લામાં આવેલ ૨૦૦૦થી વધુ મતદાર ધરાવતા ગામડાઓ અને સ્થાનિક બજારો, શહેરી વિસ્તારોનો પદયાત્રામાં સમાવેશ થશે. લોકસંપર્ક વ્યાપક બને તે માટે વિવિધ કક્ષાએ મીટીંગોનું આયોજન થશે અને તે મીટીંગોમાં તાલુકા-જિલ્લા-પ્રદેશ કક્ષાના કાર્યકરો, પદાધિકારીઓ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત સભ્યો, સરપંચો વગેરે હાજરી આપશે અને જિલ્લાના નિરીક્ષકો સાથે સંકલન કરી કાર્યક્રમ સફળ બનાવશે.

ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી.
C/o. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
ત્રીજા માળે, જલસેવા ભવન, સેકટર-૧૦એ,
એરફોર્સની સામે, ગાંધીનગર.

જાહેર નિવિદા-૧૫ સને ૨૦૧૪

ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી., ગાંધીનગરની વડી કચેરી માટે સ્ટેશનરી પુરી પાડવા માટેના ટેન્ડર ફક્ત રજી.પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટ મારફતે સીલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ રૂ. ૬૦૦/-ની ટેન્ડર ફી હિસાબી શાખામાં જમા કરાવ્યેથી તા. ૩/૩/૨૦૧૪થી તા. ૧૦/૩/૨૦૧૪ સુધી ટે